For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# આ વખતે 'ગુજરાત સ્થાપના દિન'ની રાજ્યકક્ષાની ઉજવણી સુરતમાં થશે

**ડુમસ** રોડ પર વાય જંક્શન ખાતે આયોજિત ઉજવણીમાં મુખ્યમંત્રી સહિત આખું પ્રધાન મંડળ ઉપસ્થિત રહેશે

### કાર્યક્રમમાં વડાપ્રધાન પણ ઉપસ્થિત રહેવાના હતા

ગુજરાત રાજ્ય સ્થાપના દિનની ઉજવણીના કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ સુરતમાં ઉપસ્થિત રહેવાના હતા. પરંતુ તેમના કાર્યક્રમમાં ફેરફાર થતાં હવે તે સ્થાપના દિનની ઉજવણીના દિવસે ઉપસ્થિત નહીં રહે પણ સંભવતઃ તા.3-5-26ના રોજ સુરતની મુલાકાત લે તેવી શક્યતા દર્શાવાઈ રહી છે.

સુરતઃ 64 વર્ષ પૂર્વે એટલે કે તા. 1-5-1960ના રોજ ગુજરાત રાજ્ય મહારાષ્ટ્રમાંથી અલગ થયું. પરિણામે પહેલી મે ગુજરાત સ્થાપના દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વખતે રાજ્ય સ્તરનો ઉજવણીનો કાર્યક્રમ સુરતમાં આયોજિત કરવામાં આવ્યો છે. સુરતમાં અઠવા-ડુમસ રોડ પર વાય જંક્શન ખાતે મુખ્ય કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત ડુમસમાં અન્ય ત્રણ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણી બાદ તુરંત જ આ કાર્યક્રમ હોવાથી પોલીસ ચૂંટણીની દોડધામમાંથી હજુ તો રાહતનો શ્વાસ લેશે ત્યાં જ દોડધામ શરૂ કરવી પડે તેવી હાલત છે. કારણ કે રાજ્ય કક્ષાનો કાર્યક્રમ હોવાથી મુખ્યમંત્રી સહિત આખું પ્રધાન મંડળ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

આ બાબતે અધિક પોલીસ કમિશનર સેક્ટર-2 મહેન્દ્ર બગરિયાનો સંપર્ક કરતા તેમણે કહ્યું હતું કે ગુજરાત રાજ્ય સ્થાપના દિનની રાજ્ય કક્ષાની ઉજવણી સુરતમાં થશે એટલું નક્કી છે. પણ હજુ સુધી સંપૂર્ણ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો નથી. વાય જંક્શન અને ડુમસમાં ચારેક કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે એવી પ્રાથમિક જાણકારી છે. ગુજરાતના કલા અને સાંસ્કૃતિક વારસો રજૂ કરતા કાર્યક્રમ ઉપરાંત અનેક કાર્યક્રમો યોજાશે. જેમાં મુખ્યમંત્રી ઉપરાંત અલગ અલગ ક્ષેત્રના તજજ્ઞો પણ ઉપસ્થિત રહેશે. ગરવા ગુજરાતના ગૌરવવંતા વારસાને રજૂ કરતા કાર્યક્રમોમાં અનેક કલાકારો, આગેવાનો પણ ઉપસ્થિત રહી પોતાની કલા રજૂ કરશે.

### નહેરમાંથી પાણી લીકેજ થતા રિક્ષાને ધોવામાં આવી




સુરતમાં લિંબાયત રોડ પર આંજણા ફાર્મ પાસે નહેરમાંથી પાણી લીકેજ થતાં રસ્તા પર પાણી ભરાઈ ગયા હતા. આ સમયે ત્યાંથી પસાર થતાં રિક્ષાચાલકોએ પાણીનો ઉપયોગ કરીને પોતાની રિક્ષાઓ ધોઈ નાખી હતી. (તસવીરઃ સતીષ જાદવ)

# સુરતમાં ગરમી તેજઃ એક જ દિવસમાં તાપમાન ચાર ડિગ્રી વધી ગયું

**ગુરૂવારે** તાપમાન 34.4 ડિગ્રી હતું અને શુક્રવારે સીધું 38.4 ડિગ્રી થઈ ગયું

**ભેજનું** પ્રમાણ 18 ટકા થઈ જતાં તાપમાનના વધારાને કારણે ગરમી વધુ

સુરતઃ સુરત શહેરમાં આજે ગરમીનો પ્રકોપ ફરી એકવાર તેજ બન્યો હતો. એક જ દિવસમાં તાપમાનમાં નોંધપાત્ર વધારો નોંધાતા મહત્તમ તાપમાન ૪ ડિગ્રી ઉછળી ૩૮.૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. બીજી તરફ લઘુત્તમ તાપમાનમાં દોઢ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો અને તે ૨૪.૪ ડિગ્રી રહ્યો હતો.

હવામાનમાં થયેલા આ અચાનક ફેરફારને કારણે શહેરવાસીઓને દિવસ દરમિયાન ઉકળાટભર્યું અને અસહ્ય ગરમીનું સામનું કરવું પડ્યું હતું. ખાસ કરીને બપોરના સમયે રસ્તાઓ પર નીકળવું મુશ્કેલ બની ગયું હતું. હવામાં માત્ર ૧૮ ટકા જેટલું ઓછું ભેજ નોંધાયું હોવા છતાં ગરમીમાં કોઈ ખાસ રાહત મળી નહોતી. સામાન્ય રીતે ઓછું ભેજ હોવાને કારણે ગરમી સહનશીલ લાગે છે, પરંતુ તાપમાનના વધારાને કારણે લોકોને ગરમી વધુ અસરકારક લાગી હતી. શહેરમાં ઉત્તર પશ્ચિમ અને ઉત્તર દિશામાંથી આશરે ૬ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. પવનની હાજરી હોવા છતાં ગરમીનો તીવ્ર અનુભવ ઓછો થયો નહોતો. દિવસભર આછા

...અનુસંધાન પાના 5 પર

# ખાડીપૂર પર અંકુશ માટે નિષ્ણાતો 20મીએ સુરતમાં

**ખાડીની** સફાઈ શરૂ, ખજોદની કાંકરાખાડીની આસપાસનાં ઝીંગા તળાવો તોડી પાડવાનું શરૂ

**મિંઢોળી** નદીને મળતી ખાડીની સફાઈની સાથે અન્ય કામગીરી મે સુધીમાં પૂરી કરી દેવામાં આવશે

સુરતઃ સુરત મનપા દ્વારા આગામી ચોમાસામાં ખાડીપૂરની સમસ્યાને રોકવા માટે અત્યારથી જ યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ખાડીપૂરના કાયમી નિવારણ માટે કેન્દ્ર સરકારની સેન્ટ્રલ વોટર કમિશન અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હાઈડ્રોલોજીના તજજ્ઞોની ટીમને કમિશનર દ્વારા 20-એપ્રિલના રોજ સુરત ખાતે આમંત્રિત કરવામાં આવી છે. આ નિષ્ણાત ટીમ ખાડીપૂરના તમામ પાસાઓનો અભ્યાસ કરી ટૂંકા અને લાંબા ગાળાના આયોજનો માટે સૂચનો આપશે, જેના આધારે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે.

મનપા કમિશનર દ્વારા આ વર્ષે આશરે કુલ 10 કરોડ રૂપિયાના ખર્ચે તમામ ઝોનમાં ખાડી સાફ-સફાઈના નક્કર પગલાં લેવામાં આવ્યા છે. સામાન્ય રીતે મે મહિનાના અંતમાં શરૂ થતી આ સફાઈ કામગીરી આ વર્ષે કમિશનરના આગોતરા આયોજનના ભાગરૂપે એપ્રિલ મહિનામાં જ શરૂ કરી દેવામાં આવી છે, જેનું મોનિટરિંગ પણ તેમના દ્વારા કરવામાં આવી રહ્યું છે. જે વિસ્તારોમાં સફાઈ માટે સામાન્ય રીતે પહોંચી શકાતું નથી, ત્યાં કામગીરી કરવા માટે ખાસ પ્રકારના 04 ફ્લોટીંગ પોકલેન મશીનો કાર્યરત કરવાની સૂચના અપાઈ છે. આ આધુનિક મશીનરી

...અનુસંધાન પાના 5 પર

### આસારામ હેબિચ્યુઅલ ઓફેન્ડર છે, તેને કોઈ જ રાહત આપી શકાય નહીંઃ હાઈકોર્ટ

# અમદાવાદનો આસારામનો આશ્રમ તોડી પડાશે, હાઈકોર્ટે અપીલ ફગાવી

**આશ્રમે** વારંવાર નિયમોનો ભંગ કર્યો છે, સરકારી શરતોનું ઉલ્લંઘન કર્યું છે

**હાઈકોર્ટે** ચાર અઠવાડિયાનો ઉપલી કોર્ટમાં અપીલ માટેના 'સ્ટે'ની માંગણી પણ ફગાવી દીધી

**આસારામ** આશ્રમ ખાલી કરે પછી જ 'સ્ટે' અંગે વિચારણા કરાશેઃ હાઈકોર્ટ

અમદાવાદઃ અમદાવાદના મોઢેરા વિસ્તારમાં આવેલા આસારામ આશ્રમને લઈને ચાલી રહેલા જમીન કેસમાં ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે આશ્રમ દ્વારા કરવામાં આવેલી અપીલ ફગાવી દેતાં હવે આશ્રમના બાંધકામ તોડી પાડવાની કાર્યવાહીનો માર્ગ લગભગ મોકળો બન્યો છે. આ પહેલા હાઈકોર્ટએ દ્વારા કલેક્ટરના આદેશને યથાવત રાખવામાં આવ્યો હતો, જેમાં આશ્રમે સરકાર દ્વારા આપવામાં આવેલી જમીન સંબંધિત શરતોનો ભંગ કર્યો હોવાનો ઉલ્લેખ હતો. આ નિર્ણય સામે આસારામ આશ્રમે હાઈકોર્ટ સમક્ષ અપીલ કરી હતી, જેમાં હાઈકોર્ટની ડિવીઝન બેંચે સિંગલ જજનો આદેશ યથાવત રાખ્યો છે.

ગુજરાત હાઈકોર્ટે પોતાના અવલોકનમાં નોંધ્યું છે કે આસારામ હેબિચ્યુઅલ ઓફેન્ડર છે, તેથી તેમને કોઈ પણ પ્રકારની વિશેષ રાહત આપી શકાય નહીં. આશ્રમે વારંવાર નિયમોનો ભંગ કર્યો છે અને સરકારી શરતોનું ઉલ્લંઘન કર્યું છે. સાથે જ સાબરમતી નદીના કિનારે આવેલી નદીની જમીન પર પણ ગેરકાયદેસર કબજો કર્યો હોવાનું સામે આવ્યું છે. નદીની જમીનનું કોઈપણ રીતે રેગ્યુલરાઈઝેશન થઈ શકે નહીં. સુનાવણી દરમિયાન આશ્રમ તરફથી 4 અઠવાડિયાનો સ્ટે માગવામાં આવ્યો હતો જેથી તેઓ ઉપરની અદાલતમાં અપીલ કરી શકે, પરંતુ હાઈકોર્ટે કડક વલણ અપનાવતા જણાવ્યું કે પહેલા જમીન ખાલી કરવામાં આવે પછી જ સ્ટે અંગે વિચારણા થઈ શકે. સરકાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે લેન્ડ રેવન્યુ કોડની કલમ

...અનુસંધાન પાના 5 પર

# ત્રણ બાળકોની વિગતો છુપાવી?, ભાજપના ઉમેદવાર સામે ફરિયાદ

**મહિલા** ઉમેદવાર વંદના ઘોઘારીને પ્રથમ પતિથી બે અને બીજા પતિથી એક સંતાન છે

**એફિડેવિટમાં** બાળકોની કોઈ જ વિગતો રજૂ કરી નહીં, બેથી વધુ બાળકો હોય તો ચૂંટણી લડવા ગેરલાયક ઠરે છે

સુરતઃસુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર 8 (ડભોલી-સિંગણપોર) બેઠક પર ભાજપના મહિલા ઉમેદવાર વંદનાબેન ઘોઘારી દ્વારા સંતાનોની વિગતો છુપાવવામાં આવી હોવાનો વિવાદ ચૂંટણી પંચ સુધી પહોંચ્યો છે.

કોંગ્રેસ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર, ભાજપના ઉમેદવાર વંદનાબેન ઠાકરશીભાઈ ઘોઘારીએ તેમના ઉમેદવારી પત્રક સાથે રજૂ કરેલા સોગંદનામામાં સંતાન હોવાનો કોઈ જ ઉલ્લેખ કર્યો નથી, જ્યારે વાસ્તવમાં તેમને ત્રણ સંતાનો છે. કોંગ્રેસે આ મામલે જણાવ્યું છે કે, વંદનાબેનના પ્રથમ લગ્ન દરમિયાન તેમને બે બાળકો થયા હતા અને ત્યારબાદ પ્રથમ પતિ સાથે છૂટાછેડા લઈને ઠાકરશીભાઈ ઘોઘારી સાથે કરેલા બીજા લગ્નથી તેમને વધુ એક સંતાન પ્રાપ્ત થયું હતું. આમ, ટેકનિકલી રીતે ત્રણ બાળકોના માતા હોવા છતાં નિયમોથી બચવા તેમણે જાણીજોઈને આ વિગતો છુપાવી ચૂંટણી પંચને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતના સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના કાયદા મુજબ બેથી વધુ સંતાનો ધરાવતા વ્યક્તિ ઉમેદવારી માટે ગેરલાયક ઠરે છે.

આ ગંભીર આક્ષેપો વચ્ચે કોંગ્રેસ શહેર પ્રમુખ વિપુલ ઉધનાવાલાએ તંત્ર પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે વોર્ડ નંબર 8 સહિત અન્ય વોર્ડમાં પણ ભાજપના ઉમેદવારોએ સોગંદનામામાં મોટી ભૂલો કરી છે, પરંતુ ચૂંટણી પંચ આ બાબતોને ગંભીરતાથી લેવાને બદલે પક્ષપાતી વલણ દાખવી રહ્યું હોય તેવું જણાય છે. વારંવાર વાંધા ઉઠાવવા છતાં પણ કોઈ નક્કર કાર્યવાહી ન થતા કોંગ્રેસે હવે આ મામલે આક્રમક વલણ અપનાવ્યું છે. આ વિવાદ અંગે ભાજપના ઉમેદવાર વંદનાબેન ઘોઘારીનો સંપર્ક સાધવામાં આવ્યો અને તેમને બાળકોની સંખ્યા અંગે સવાલ પૂછવામાં આવ્યો, ત્યારે તેમણે હું અત્યારે પ્રચારમાં વ્યસ્ત છું તેમ કહીને ફોન કાપી નાખ્યો હતો અને કોઈ પણ સ્પષ્ટતા કરવાનું ટાળ્યું હતું.

**કુતૂહલ** | સુરત અને ગાંધીનગર સહિત સમગ્ર રાજ્યમાં અનોખી ખગોળિય ઘટના બની

# સૂર્યની આજુબાજુ અદભૂત 'વલય' દેખાયું

**પ્રાચીન** ગ્રંથોમાં ઉલ્લેખ છે કે ઉનાળામાં સૂર્યની ફરતે વલય સર્જાય, તો તે રાજા અને પ્રજા બંને માટે કષ્ટદાયક બને છે

સુરત, સુરત અને ગાંધીનગરઃ આજે મધ્યાહ્નના સમયે સુરત અને ગાંધીનગરના આકાશમાં એક વિરલ અને મનમોહક દ્રશ્ય જોવા મળ્યું હતું. સૂર્યની આસપાસ એક વિશાળ અને સ્પષ્ટ ગોળાકાર વલય

...અનુસંધાન પાના 5 પર



### આ ચોક્કસ ભૌતિક ઘટના છેઃ નિષ્ણાતો

નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર, આ કોઈ ચમત્કાર નથી પરંતુ એક ચોક્કસ ભૌતિક ઘટના છે. હાલમાં સક્રિય થયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે આકાશમાં ઊંચાઈ પર રહેલા વાદળો આ ઘટના માટે જવાબદાર છે. સિર્રસ વાદળો (Cirrus Clouds)આકાશમાં ખૂબ ઊંચાઈએ બનતા, સફેદ અને સૂક્ષ્મ તાંતણા જેવા દેખાતા વાદળો હોય ...અનુસંધાન પાના 5 પર

### વર્ણ અને પ્રભાવ

ગ્રંથોના આધારે કરવામાં આવેલા અર્થઘટન મુજબ, જો સૂર્યની આસપાસનો પરિવેષ પીળા અથવા સોનેરી વર્ણનો હોય, તો તે આવનારા સમયમાં શાસક (રાજા) અને જનતા (પ્રજા) બંને માટે કષ્ટદાયક સાબિત થઈ શકે છે.આવા સંકેતો ઠીક નથી અથવા તો કષ્ટદાયક છે તેવું નિમિત્ત શાસ્ત્રના જાણકારોનું માનવું છે. સુરત અને ગાંધીનગરના ...અનુસંધાન પાના 5 પર

### ઋતુ પ્રમાણે બદલાતા સંકેતો

સામાન્ય રીતે વર્ષાઋતુ દરમિયાન સૂર્ય કે ચંદ્રની આસપાસ ગોળાકાર મંડળ દેખાય તો તેને શુભ માનવામાં આવે છે, જે સારા વરસાદની નિશાની ગણાય છે. જોકે, હાલ ચાલી રહેલી ગ્રીષ્મ ઋતુ (ઉનાળા) માં આવો પરિવેષ સર્જાય તેને જ્યોતિષીય દ્રષ્ટિએ બહુ સાનુકૂળ માનવામાં આવતો નથી. ઉનાળામાં સૂર્યમંડળ દેખાવું એ પ્રકૃતિમાં આવનારા અણધાર્યા ફેરફારો તરફ ઈશારો કરે છે.

### કેટલાકે ખાડી દેશોના યુદ્ધ અને અશાંતિને જોડીને અશુભ સંકેત માન્યો

સુરત અને ગાંધીનગરમાં દેખાયેલા આ અદભૂત સૂર્ય પરિવેષને પગલે સોશિયલ મીડિયામાં ગરમ ચર્ચાઓ થવા લાગી હતી. લોકો આ અસાધારણ ઘટનાને પોતપોતાની રીતે જોઈ રહ્યા ...અનુસંધાન પાના 5 પર

### શું કહે છે પ્રાચીન ગ્રંથો ?

શ્રી મનમહામહોપાધ્યાય શ્રી મેઘવિજય ગણી વિરચિત 'વર્ષા પ્રબોધ' અને 'અષ્ટાંગ નિમિત્ત' જેવા પવિત્ર ગ્રંથોમાં સૂર્ય અને ચંદ્રની આસપાસ સર્જાતા આવા 'પરી વેષ' (વલય) વિશે ઊંડાણપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે. આ માહિતી મુજબ, સૂર્ય ફરતે વલય સર્જાવું એ આવનારા સમયના સંકેતો આપે છે.

# GST રિટર્નની ડેડલાઈન નજીક, પોર્ટલ ફરી ઠપઃ વેપારીઓ પરેશાન

**પોર્ટલની** ટેકનિકલ ક્ષમતા સુધારવાની વેપારીઓ દ્વારા માંગ કરવામાં આવી

સુરતઃ જીએસટી રિટર્ન ભરવાની છેલ્લી તારીખ નજીક આવતા જ દર વખતની જેમ આ વખતે પણ Goods and Services Tax Network(GST પોર્ટલ)માં ટેકનિકલ ખામીઓ સામે આવી છે. છેલ્લા બે દિવસથી સર્વર અત્યંત ધીમું ચાલતું હોવાથી તેમજ સાઈટ વારંવાર 'ક્રેશ' થવાને કારણે લાખો વેપારીઓ અને ટેક્સ પ્રોફેશનલ્સ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. વેપારીઓના જણાવ્યા

...અનુસંધાન પાના 5 પર

### વેપારીઓને પડતી મુખ્ય સમસ્યા

- **લોગ-ઈન પ્રોબ્લેમઃ** પોર્ટલ પર લોગ-ઈન કરવાનો પ્રયાસ કરતાં જ ઘણા યુઝર્સને 'Error' અથવા 'Site under maintenance' જેવા મેસેજ જોવા મળે છે. જેના કારણે કલાકો સુધી રાહ જોવી પડે છે.
- **OTP મેળવવામાં ભારે વિલંબઃ** રિટર્ન વેરિફિકેશન માટે જરૂરી OTP (વન ટાઈમ પાસવર્ડ) સમયસર મળતો નથી. ઘણા વેપારીઓના જણાવ્યા પ્રમાણે OTP કલાકો પછી આવે છે અથવા આવતો જ નથી, જેના કારણે ફાઈલિંગ પ્રક્રિયા અધૂરી રહી જાય છે.
- **ડેટા સેવ અને પ્રોસેસિંગમાં મુશ્કેલીઃ** GSTR-1 અને GSTR-3B ભરતી વખતે ડેટા સેવ કરવામાં ઘણો સમય લાગી રહ્યો છે. ઘણા કિસ્સાઓમાં અંતે પેજ રિફ્રેશ થઈ જતા ફરીથી આખી માહિતી દાખલ કરવાની ફરજ પડે છે.




















